| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | તા.૧૧/૦૪/૨૦૨૩ | | |
| રજીસ્ટર તારીખ | તા.૧૧/૦૪/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | તા. ૧૪ /૦૩/૨૦૨૪ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૧ | ૦૨ |

==========================================================

## જેસરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં, જિ.ભાવનગર.

==========================================================

ફોજદારી કેસ નં.૨૬૦/૨૦૨૩
આંક :- ૬૪

| | |
|---|---|
| **ફરીયાદી** | ગુજરાત સરકારશ્રી વતી,<br>શ્રી ઉત્સવભાઈ રમેશભાઈ રાણપરીયા,<br>ખેતીવાડી અધિકારી -જેસર,<br>નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ની કચેરી,<br>જી-૪, એનેક્ષી બિલ્ડીંગ બહુમાળી ભવન, ભાવનગર. |
| **વિરૂધ્ધ** | |
| **તહોમતદારો** | (૧) શ્રી ખોડીયાર એગ્રો સેન્ટર, **(વિક્રતા પેઢી)**<br>પાલીતાણા ચોકડી, મુ.જેસર, તા.જેસર, જિ.ભાવનગર.<br>(૨) ભરતભાઈ રામજીભાઈ રાઠોડ,<br>**(વિક્રતા પેઢીના જવાબદાર વ્યકિત-પ્રોપરાઈટર)**<br>મુ.અચાવેજ, તા.જેસર, જિ.ભાવનગર.<br>(૩) રાધેશ્યામ એગ્રો કેમીકલ્સ, **(મધ્યસ્થ વિક્રેતા પેઢી)**<br>પ્લોટ નં.૩૬/બી, રેલ્વે સ્ટેશનની સામે,<br>મહુવા-સાવરકુંડલા રોડ, મુ.મહુવા,<br>તા.મહુવા, જિ.ભાવનગર.<br>(૪) નાનજીભાઈ કેશવભાઈ ભુત,<br>**(મધ્યસ્થ વિક્રેતા પેઢીના જવાબદાર વ્યકિત-પ્રોપરાઈટર)**<br>રહે.૧૦,૧૧ ઓમસાંઈ, ગોકુળનગર-બી, જાદરા રોડ,<br>ઉમા ફલેટ પાસે, મહુવા, તા.મહુવા, જિ.ભાવનગર. |

| | |
|---|---|
| | (૫) નવભારત સીડસ પ્રા.લિ., **(ઉત્પાદક પેઢી)**<br>પહેલા માળે, વસુ કાનન, ગુજરાત વિદ્યાપીઠ સામે,<br>આશ્રમ રોડ, અમદાવાદ.<br>(૬) ચંદુલાલ વેલજીભાઈ અમીપરા, **(માર્કેટીંગ મેનેજર)**<br>**(ઉત્પાદક પેઢીના જવાબદાર)**<br>રહે. શ્રીનાથજી કૃપા, ૩ અમૃત પાર્ક,<br>રૈયા રોડ, રાજકોટ. |

| | |
|---|---|
| બાબત | **બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૬(ક), ૭(ખ) તેમજ બિયારણ નિયમો–૧૯૬૮ ના નિયમ–૧૦ ના ભંગ બદલ બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૧૯ મુજબ...** |

| | |
|---|---|
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી પી.જે.મહેશ્વરી |
| **તહોમતદારો તરફે** | વિ.વકીલ શ્રી એ.આઈ.સુરતી તથા વિ.વકીલ શ્રી એ.જે.રાણા |

## –: J U D G E M E N T :–

### પ્રોસીકયુશન પક્ષના કેસની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે.

(૧) આ કામે ફરીયાદીની ટુંકમાં વિગત એવી છે કે, ફરીયાદી ગુજરાત સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના અધિસુચનાથી નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કચેરી, ભાવનગરના નિયંત્રણ હેઠળ ખેતીવાડી અધિકારી હેડ કવાર્ટર તળાજા તરીકે નિમણુંક થતા હાલમાં તળાજા, મહુવા અને જેસર તાલુકાઓમાં ફરજ બજાવીએ છીએ તેમજ ફરીયાદીની જેસર તાલુકાના સીડ ઈન્સ્પેકટર તરીકે કાયદેસરની નિંમણુક થયેલ છે.

ફરીયાદીની હકીકત એવી છે કે, શ્રી ખોડીયાર એગ્રો સેન્ટર જે બિયારણ વેચાણ કરતી વિક્રેતા પેઢી છે અને તેના જવાબદાર વ્યકિત ભરતભાઈ રામજીભાઈ રાઠોડ છે જેની દુકાન પાલીતાણા ચોકડી જેસર ખાતે આવેલ છે તે બિયારણ વેચાણ માટેનું લાયસન્સ ધરાવે છે. પૂર્વ ખેતીવાડી અધિકારશ્રી, જેસર શ્રી એન.બી.કવાડે કે જે હાલ ભાવનગર ખાતે ફરજ બજાવે છે તેઓ દ્વારા તા.૧૬/૦૬/૨૦૨૨ ના રોજ ગુણવતા નિયંત્રણ કામગીરી અર્થે શ્રી ખોડીયાર એગ્રો

સેન્ટર પેઢીની મુલાકાત લીધેલ. સદર પેઢીના વેચાણ કેન્દ્રમાંથી તેમના કબજામાં રહેલો નવભારત સીડસ પ્રા.લિ. અમદાવાદ ધ્વારા ઉત્પાદ અને માર્કેટીંગ કરેલ બિયારણ રિસર્ચ હા.બાજરા, જાત: –ગૌરી + (Gauri+) સ્ટેજ : Truthful, લોટ નં. AK011197256, ચકાસણી તા.૨૩/૦૫/૨૨, સમાપ્તિ તા.૨૨/૦૨/૨૩, નમુના નં.૦૧/૨૦૨૨–૨૩ થી સીલબંધ ૧.૫૦ કિગ્રા પેકીંગના ઉપલબ્ધ જથ્થામાંથી નિયમોનુસાર પેઢીના જવાબદાર વ્યકિત તેમજ સાક્ષીઓની હાજરીમાં જર્મીનેશન અને જીનેટીક પ્યુરીટી પૃથ્થકરણના હેતુ માટે નમુનો લીધેલ. બિયારણ અધિનિયમ–૧૯૬૬ હેઠળ નકકી કરેલ કાર્યરીતિ અનુસાર સદર નમુનો ત્રણ ભાગમાં લેવામાં આવેલ. જે પૈકી એક સીલબંધ ભાગ પેઢીના જવાબદાર વ્યકિતને સોંપવામાં આવેલ. જયારે બીજો સીલબંધ ભાગ બીજ ચકાસણી પ્રયોગશાળા, ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવેલ હતો અને ત્રીજો સીલબંધ ભાગ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કચેરી, ભાવનગરમાં રાખવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, બીજ ચકાસણી પ્રયોગશાળા, ગાંધીનગરના પૃથ્થકરણ રીપોર્ટ No.STL/Tech-1/2503-2504/2022, તા.૧૧/૦૭/૨૦૨૨ થી સદરહું નમુનામાં સ્કુરણ શકિતના ૭૯% માલુમ પડેલ છે જયારે પૃથ્થકરણ રીપોર્ટ No.STL/Tech-1/9114-9118/2022, તા.૨૦/૧૦/૨૦૨૨ થી સદરહું નમુનામાં જીનેટીક પ્યુરીટી ૯૫% ને બદલે માત્ર ૩% જ માલુમ પડેલ છે. એટલે કે ૯૭% અશુધ્ધ બિયારણ માલુમ પડેલ છે. જેથી બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૬(ક) હેઠળ નકકી કરેલ ઓછામાં ઓછી જીનેટીક પ્યુરીટી માલુમ ન પડતા નમુનો બિનપ્રમાણિત જાહેર થયેલ છે. બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૬(ક) હેઠળ નકકી કરેલ ઓછામાં ઓછી સ્કુરણશકિત અને જીનેટીક પ્યુરીટી/ આનુવંશિક/ભૌતિક શુધ્ધતાને અનુરૂપ ન હોય તેવું બિયારણ વેચવું. વેચાણ માટે રાખવું કે તેને સાટુ કરવામાં બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૭(ખ) તથા બિયારણ નિયમો–૧૯૬૮ ના નિયમ–૧૦ નો ભંગ થતા કલમ–૧૯ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હો બને છે.

વધુમાં જણાવેલ છે કે, જેના અનુસંધાને તા.૧૫/૧૧/૨૨ થી વિક્રેતા પેઢી તહોમતદાર નં.૧ ને કારણદર્શન નોટીસ પાઠવવામાં આવેલ. તેઓ તા.૨૧/૧૧/૨૨ ના રોજ જવાબ અને ખરીદ કરેલ બિયારણના પુરાવા તરીકે બીલની નકલ રજુ કરી ખુલાસો કરેલ છે અને જણાવેલ છે કે, આ કામની મધ્યસ્થ વિક્રેતા પેઢી રાધેશ્યામ એગ્રો કેમીકલ્સ પાસેથી ખરીદ કરેલ છે અને ખુલાસામાં જવાબદાર વ્યકિત તરીકે ભરતભાઈ રામજીભાઈ રાઠોડ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ મધ્યસ્થ વિક્રેતા પેઢી તહોમતદાર નં.૩ રાધેશ્યામ એગ્રો કેમીકલ્સને તા.૦૫/૧૨/૨૦૨૨ અને તા.૨૬/૧૨/૨૦૨૩ થી કારણદર્શન નોટીસ પાઠવવામાં આવેલ છે. તેઓ ધ્વારા તા.૧૩/૧૨/૨૦૨૨ થી કારણ દર્શક નોટીસનો જવાબ અને ખરીદ કરેલ બિયારણના પુરાવા તરીકે બીલની નકલ રજુ કરેલ છે જેમાં જવાબદાર વ્યકિત તરીકે શ્રી નાનજીભાઈ કેશવભાઈ ભુત હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તહોમતદાર નં.૫ નવભારત સીડસ પ્રા.લિ., અમદાવા બિયારણ રિસર્ચ હા.બાજરા, જાત: -ગૌરી + (Gauri+) સ્ટેજ : Truthful, લોટ નં. AK011197256, ચકાસણી તા.૨૩/૦૫/૨૨, સમાપ્તિ તા.૨૨/૦૨/૨૩ ની ઉત્પાદક પેઢી છે અને તહોમતદાર નં.૬ ચંદુલાલ વેલજીભાઈ અમીપરા એ ઉત્પાદક પેઢીના જવાબદાર વ્યકિત છે. તેઓને તા.૧૫/૧૧/૨૨ ના રોજ કારણદર્શન નોટીસ પાઠવતા તેઓ ધ્વારા તા.૨૧/૧૧/૨૨ થી ખુલાસો રજુ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, કારણ દર્શક નોટીસથી મળેલ વિક્રેતા અને ઉત્પાદકના ખુલાસાઓ તેમજ અન્ય સાધનિક કાગળોની નકલ સામેલ રાખી તમામ તહોમતદારો સામે કોર્ટ કેસ કરવા અંગેની મંજુરી મેળવવા અંગેની દરખાસ્ત ખેતી નિયામક શ્રી,ગાંધીનગરને પત્ર ક્રમાંક : જા.નં.ખે.ચ./બિયા./કો.કે.દર/ ૪૩૪-૩૫/૨૦૨૩, તા.૧૧/૦૧/૨૦૨૩ થી નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) , ભાવનગર કચેરી મારફત જા.નં.નાખેનિ (વિ.) /કોર્ટ કેસ/૧૨૯-૩૦/૨૦૨૩ તા.૧૮/૦૧/૨૦૨૩ થી મોકલી આપેલ હતી. જે અંગે તહોમતદાર નં.૧ થી નં.૬ સામે ફોજદારી કાર્યવાહી કરવા મંજુરી મળેલ છે .

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં તહોમતદાર નં.૧ થી નં.૬ નાએ બિયારણ અધિનિયમ-૧૯૬૬ ની કલમ-૬ ના ખંડ (ક) સાથે વાંચતા

કલમ–૭ ના ખંડ (ખ) તથા તેના લેબલ ઉપર ગેર માર્ગે દોરનારું લખાણ હોવાથી બિયારણ નિયમો ૧૯૮૮ ના નિયમ–૧૦ નો ભંગ કરી એકબીજાના મેળાપીપણામાં આ જ અધિનિયમની કલમ–૧૯ હેઠળની શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ જેથી સખ્ત નશ્યત કરવા અરજ કરેલ છે.

(૨) આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાની ફરીયાદ રજુ થતાં તેઓને ધોરણસરની સમન્સની બજવણી કરવામાં આવેલ. આરોપીઓ કોર્ટમાં હાજર થતા તેને સંહિતાની કલમ–૨૦૭ મુજબ તપાસના કાગળોની વિના મૂલ્યે આપી, આંક–૨૦ થી આંક–૨૫ સુધી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ તેમની સામેના આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરતા આરોપીઓ સામે સંહિતાની કલમ–૨૭૩ મુજબ ખુલ્લી અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) સદરહું કામે ફરીયાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**(અ) ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો :–**

| આંક | વિગત |
|---|---|
| ૨૭ | **ફરીયાદી–** ઉત્સવકુમાર રમેશભાઈ રાણપરીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૪૮ | **સાહેદ–** નિતીનભાઈ ભોપાભાઈ કવાડની સોગંદ ઉપરની જુબાની |
| ૫૯ | **પંચ સાહેદ–** સાગરભાઈ નાથાભાઈ ભમ્મરની સોગંદ ઉપરની જુબાની |
| ૬૦ | **પંચ સાહેદ–** શંભુભાઈ મધુભાઈ ધુંધળવાની સોગંદ ઉપરની જુબાની |

**(બ) ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| આંક | વિગત |
|---|---|
| ૨૮ | સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની અધિસુચનાનું જાહેરનામું |
| ૨૯ | ખેતી નિયામક શ્રી ની કચેરી, ગાંધીનગર ખાતે હાજર થયાનો રિપોર્ટ |
| ૩૦ | બિયારણ અધિનિયમ–૧૯૬૬ હેઠળનું સરકારશ્રીનું જાહેરનામું |
| ૩૧ | લાયસન્સદાર પાસેથી લીધેલ સેમ્પલની જાણ અંગેનો નમુનો–૬ |

| | |
|---|---|
| ૩૨ | બિયારણ નમુનો લેવામાં આવેલ તે સમયે ભરવાનો નમુનો–૮ |
| ૩૩ | નમુનો લેતી વખતે દુકાનદાર પાસેથી લીધેલ બીલ |
| ૩૪ | બિયારણનો નમુનો પ્રયોગશાળામાં મોકલ્યાનો પત્ર નમુનો–પ |
| ૩૫ | બીજ ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરનો પૃથ્થકરણ અહેવાલ નમુનો VII |
| ૩૬ | બીજ ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરનો પૃથ્થકરણ અહેવાલ નમુનો VII |
| ૩૭ | તહોમતદાર નં.૧ ને આપેલ કારણદર્શકનોટીસ |
| ૩૮ | તહોમતદાર નં.૧ નો ખુલાસો |
| ૩૯ | તહોમતદાર નં.૩ ને આપેલ કારણદર્શક નોટીસ |
| ૪૦ | તહોમતદાર નં.૩ ને આપેલ કારણદર્શક નોટીસ |
| ૪૧ | તહોમતદાર નં.૩ નો ખુલાસો |
| ૪૨ | તહોમતદાર નં.પ ને આપેલ કારણદર્શક નોટીસ |
| ૪૩ | તહોમતદાર નં.પ નો ખુલાસો |
| ૪૪ | કોર્ટ કાર્યવાહી કરવા માટે ખેતી નિયામકશ્રી ગુ.રા.ગાંધીનગરને કરેલ દરખાસ્ત |
| ૪૫ | ખેતી નિયામકશ્રી ગુ.રા.ગાંધીનગરના પબ્લીક પ્રોસીકયુટરની નિમણુંક તથા ફોજદારી કાર્યવાહી મંજુરીનો કાર્યાલય આદેશ |
| ૪૬ | નમુનો લીધેલ તે અંગેની પાવતી |
| ૪૯ | સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની અધિસુચનાનું જાહેરનામું |
| ૫૦ | વડી કચેરી નાયબ ખેતી નિયામક વિસ્તરણ ભાવનગરનો હાજર રિપોર્ટ |
| ૫૧ | નાયબ ખેતી નિયામક વિસ્તરણ ભાવનગરના કાર્યાલય આદેશ |
| ૫૨ | કૃષિ ખેડૂત કલ્યાણ સરકાર વિભાગ સચિવાલય ગાંધીનગરની અધિસુચનાના નોટીફીકેશન |
| ૫૩ | નાયબ ખેતી નિયામક વિસ્તરણ ભાવનગરનો હાજર રિપોર્ટ |
| ૫૪ | અર્જુનસિંહ જીતેન્દ્રસિંહ ઝાલા હસ્તકનો ચાર્જ રિપોર્ટ |
| ૫૫ | અર્જુનસિંહ જીતેન્દ્રસિંહ ઝાલા હસ્તકનો ચાર્જ સોંપેલ રિપોર્ટ |
| ૫૬ | ઉત્સવભાઈ રાણપરીયા હસ્તકનો ચાર્જ સોંપેલ રિપોર્ટ |

આ કામે ફરીયાદ પક્ષ તર્ફે આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નહીં હોવાનું અને ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. બચાવપક્ષ તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૪) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીઓનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આ કામના આરોપીઓએ તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી. તેમજ ખોટી ફરીયાદ કરેલ હોવાનું તથા તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) સદરહુ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૬૧ થી લેખિત દલીલ નામદાર કોર્ટમાં રજુ કરેલ છે જેમાં આંક–૧ માં જણાવેલ હકીકતો તથા પ્રોસીજરનું પુનરોચ્ચાર થતું હોય જેથી પુનરાવર્તન ટાળાવાના શુભ આશયથી તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ નથી તેમજ આ કામે વિ.એ.પી.પી.શ્રીએ તથા બચાવપક્ષ તરફે વિ.વકીલ શ્રીએ મૌખિક દલીલ કરે છે.

બચાવપક્ષ તરફે વિ.વકીલ શ્રી એ.આઈ.સુરતીએ કરેલ મૌખિક દલીલની મહત્વની હકીકતો પ્રમાણે, સદર કેસના નમુનાની વેલીડીટી તા.૨૨/૦૨/૨૦૨૩ ના રોજની હતી જ્યારે આ કામના ફરીયાદી ધ્વારા નામદાર કોર્ટમાં સદર કેસની ફરીયાદ તા.૧૧/૦૪/૨૦૨૩ ના રોજ નમુનાની એક્ષપાયરી બાદ દાખલ કરવામા આવેલ છે અને આ કામના આરોપીઓને સદર કામે સમન્સની બજવણી થતાં કલમ–૧૬(૨) મુજબ આરોપી પક્ષે નમુનાનું રીએનાલીસીસ માટે નામદાર કોર્ટમા અરજી આપવામાં આવેલ છે જે નામદાર કોર્ટે નામંજુર કરેલ છે જેથી આ કામના ફરીયાદી તરફે નિયત સમય મર્યાદામાં ફરીયાદ દાખલ કરવામાં નિષ્કાળજી દાખવેલ છે. સદર કેસમાં ફરીયાદી તથા અન્ય તમામ સાહેદોની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં આ કામના આરોપીઓ સામે કોઈ જ હકીકતો પુરવાર થતી નથી. આરોપીઓ તરફે નીચે મુજબની ઓથોરીટીઝ રજુ કરવામાં આવેલ છે.

**(૧) માઈક્રો વેજીટેબલ સીડસ લિમીટેડ વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, પ્રસિધ્ધ: ૨૦૧૭ લોસ્યુટ (નામદાર સુપ્રિમ કોર્ટ) ૬૮૭**

**<u>(મહત્વના પેરા–૪)</u>**

**4. The point agitated is short and precise. The sample of seeds was taken on 01.09.2002 and the report of the Seed Analyst is dated 26.09.2002. The shelf life of the sample was till 07.11.2002 which is evident from the details of the samples taken, mentioned in Form-VIII. A complaint was filed on 31.01.2003. Under Section 16(2) of the Seeds Act, 1966 after institution of above prosecution, the accused or the complainant, as may be, is vested with a right to make an application to the Court for sending a part of the sample to the Central Seed Laboratory for reanalysis. Such pari materia provisions in other statutes have been held by this Court to be mandatory, vesting a valuable right either in the accused or the complainant as may be.**

(૨) શ્રી મહાલક્ષ્મી સીડસ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,

પ્રસિધ્ધ : ૨૦૧૩ લોસ્યુટ (ગુજરાત) ૨૧૬૭

(હેડ નોટ તથા રીલેન્ટ પેરા–૧૯, ૨૨ તથા ૨૫)

**19.** When the provisions under Sections 16(2) and 16(3) are read conjointly, then the importance of the right conferred on the person from whom the sample is drawn, becomes apparent.

**19.1** The said aspect would also clarify that if for any reason or on account of any action on the part of the Seed Inspector and/or Seed Analyst, the person from whom the sample is drawn, is deprived of the right conferred by Section 16 of the Act, then the said person can lawfully claim and contend that his right to defence would be adversely affected and jeopardised and therefore, the initiation of the prosecution

must fail and that, therefore, such proceedings must be terminated.

**19.2** The provisions under Sections 16(2) and 16(3) read with Rule 21(3) make the intention of the legislature very clear, viz. the said provisions impose mandatory obligation on the Seed Analyst to submit report within 30 days as contemplated under Rule 21(3). The period/limitation seems to have been prescribed having regard to the possibility of the deterioration in germination of the seeds with passage of time.

**19.3** The said provisions also make it clear that the legislature has conferred right on the person from whom the sample is drawn to controvert the report of the Seed Analyst (of State Laboratory) by getting the sample reanalysed by the Central Seeds Laboratory.

**19.4** Now, it is apparent that if the report by the Seed Analyst of the State Laboratory is delayed, it would result into delay in initiation of prosecution. Until the prosecution is initiated, the person to whom the aforesaid right is granted, i.e. person from whom the sample was drawn, would not get the opportunity to apply to the Court for sending the sample (mentioned in Section 15(2)(a) or (c) of the Act) to the Central Seeds Laboratory and if on account of such delay, the shelf life of the seeds expires in the meanwhile, then the process or opportunity of getting the sample reanalysed by the Central Seeds Laboratory would be frustrated and would be rendered infructuous.

**19.5** Similar situation and eventuality would arise in the event, delay in initiation of proceedings is caused by the Seed Inspector for any other reason, i.e. if the Seed Inspector causes delay, even after having received the report of Seed Analyst within prescribed time limit, in completing the

formalities for initiating prosecution and if in the meanwhile the shelf life of the seeds expires, then also the said person would be deprived of his right to seek reanalyses of the seeds/sample by the Central Seeds Laboratory which, in turn, would entitle the said person to claim and contend that his right of effective defence which includes the right to controvert the report of the Seed Analyst of the State Laboratory, is jeopardised or adversely affected and therefore, the prosecution must fail and should be terminated.

**22.** In this context, it would be appropriate, even at the cost of repetition, to revert to the details of the dates and events mentioned hereinabove earlier. It is noticed from the said details that –

**(a)** On 1.7.2008, the sample was drawn/collected;

**(b)** On 4.7.2008, the sample was forwarded to the Seed Analyst at State Laboratory;

**(c)** On 7.7.2008, the Laboratory / Seed Analyst received the sample;

**(d)** On 12.1.2009, the Seed Inspector received the report of Seed Analyst;

**(e)** On 12.2.2009, the Seed Inspector submitted proposal for initiating prosecution;

**(f)** On 6.3.2009, the competent authority granted sanction;

**(g)** On 17.4.2009, the complaint in question came to be filed.

**22.1** The abovementioned chronology brings out that the Seed Analyst received the sample on 7.7.2008, whereas the report was forwarded on or around 31.12.2008 and it was received by the respondent (i.e. Seed Inspector) as per his affidavit on 12.1.2009, i.e. after more than about 5 months from the date when the Seed Analyst received the sample. It is also noticed that the shelf life of the seeds / sample in

question expired in January, 2009, whereas the prosecution came to be initiated (on 17.4.2009) after the shelf life expired (in January, 2009).

**25.** Having regard to the above discussed facts and circumstances and also having regard to the above quoted observations by the Hon'ble Apex Court and considering the delay caused in submission of thereport by the Seed Analyst of the State Laboratory and the delay caused in initiating prosecution which resulted into frustration right available to the petitioners under Section 16(2) of the Act, the application deserves to be and is required to be allowed. Consequently, the application is allowed in terms of paragraph No.4(B) and the criminal case/Complaint No.132/2009 before the learned Principal and Judicial Magistrate (First Class), Court at Amirgarh is quashed. Rule is made absolute to the aforesaid extent. The application is disposed of.

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો પ્રમાણે નમુનો રીએનાલીસીસ માટે સેન્ટ્રલ સીડસ લેબોરેટરીમાં મોકલવાનો આરોપીઓનો હકક થયેલ છે પરંતુ જયારે ફરીયાદીએ નમુનાની સેલ્ફ લાઈફ સમાપ્ત થયા બાદ હાલની ફરીયાદ નામદાર કોર્ટમાં દાખલ કરેલ હોય ત્યારે આ કાયદાની કલમ–૧૬(૨) અન્વયે આરોપીને પોતાના મળેલા બચાવના હકકથી વંચિત રહેવા પામેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદ રદૃ થવાને પાત્ર છે તેવી આરોપીઓ તરફે ભારપૂર્વક દલીલો કરવામાં આવેલ છે.

**(૬)** સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદૃાઓ</u> :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ પાસેથી લીધેલ નમુનામાં જીનેટીક પ્યુરીટી ૯૫% ને બદલે માત્ર ૩% જ છે એટલે કે ૯૭% અશુધ્ધ બિયારણ માલુમ પડેલ હોય, બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૬ ના ખંડ (ક) સાથે વાંચતા કલમ–૭ ના

ખંડ (ખ) તથા તેના લેબલ ઉપર ગેરમાર્ગે દોરનારું લખાણ હોવાથી બિયારણ નિયમો ૧૯૮૮ ના નિયમ–૧૦ નો ભંગ કરી એકબીજાના મેળાપીપણામાં આ જ અધિનિયમની કલમ–૧૯ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**:: કારણો::**

(૮) સદરહુ કામે આરોપીઓ સામે હાલનો કેસ છે તે ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુન્હો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વિશેષમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપો ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, નિ:શંકપણે સાબિત કરવા જોઈએ, જો ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો ફરીયાદ પક્ષના તેવા પુરાવાના આધારે આરોપીઓને સજા કરી શકાય નહી.

(૯) આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આરોપી વિરૂધ્ધનું તહોમત ખરેખર પુરવાર કરેલ છે કે કેમ ? તે નિર્ણિત કરવા માટે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનુ સમગ્ર પણે મુલ્યાંકન કરતા અગાઉ અદાલતે કાયદાના સ્થાપિત ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે અને તે સિધ્ધાંતના આધારે ન્યાય કરતી અદાલતે કોઈપણ કેસમાં રેકર્ડ પર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું હોય છે. ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા અગાઉ કોર્ટે એ પણ નોંધવું આવશ્યક છે કે કોઈ પણ ન્યાય કરતી અદાલતે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી પરંતુ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ નિર્ણયની અસર સમાજને પણ થતી હોય છે.

**આ તબકકે કાયદાની કેટલીક જોગવાઈઓ નજર સમક્ષ રાખવી જરૂરી જણાતાં તેની ચર્ચા નીચે મુજબ કરેલ છે.**

- **SECTION : 16 OF SEEDS ACT 1966.**

**Report of Seed Analyst**

**(1)** The Seed Analyst shall, as soon as may be after the receipt of the sample under sub-section (2) of section 15, analyse the sample at the State Seed Laboratory and deliver, in such form as may be prescribed, one copy of the report of the result of the analysis to the Seed Inspector and another copy thereof to the person from whom the sample has been taken.

**(2)** After the institution of a prosecution under this Act, the accused vendor or the complainant may, on payment of the prescribed fee, make an application to the court for sending any of the samples mentioned in clause (a) or clause (c) of sub-section (2) of section 15 to the Central Seed Laboratory for its report and on receipt of the application, the court shall first ascertain that the mark and the seal or fastening as provided in clause (b) of sub-section (1) of section 15 are intact and may then despatch the sample under its own seal to the Central Seed Laboratory wh ich shall thereupon send its report to the court in the prescribed form within one month from the date of receipt of the sample, specifying the result of the analysis.

**(3)** The report sent by the Central Seed Laboratory under sub-section (2) shall supersede the report given by the Seed Analyst under sub-section (1).

**(4)** Where the report sent by the Central Seed Laboratory under sub-section (2) is produced in any proceedings under

Section 19, it shall not be necessary in such proceedings to produce any sample or part thereof taken for analysis.

- **SECTION : 6 (A) OF SEEDS ACT 1966.**

**Power to specify minimum limits of germination and purity, etc**

**The Central Government may, after consultation of the Committee and by notification in the Official Gazette, specify –**

**(a) the minimum limits of germination and purity with respect to any seed of any notified kind or variety:**

(b) the mark or label to indicate that such seed conforms to the minimum limits of germination and purity specified under clause (a) and the particulars which marks or label may contain.

- **SECTION : 7 (B) OF SEEDS ACT 1966.**

**Regulation of sale of seeds of notified kinds or varieties.**

**No person shall, himself or by any other person on his behalf, carry on the business of selling, keeping for sale, offering to sell, bartering or otherwise supplying any seed of any notified kind or variety, unless-**

(a) such seed is identifiable as to its kind or variety;

**(b) such seed conforms to the minimum limits of germination and purity specified under clause (a) of section 6;**

(c) the container of such seed bears in the prescribed manner, the mark or label containing the correct particulars thereof, specified under clause (b) of section 6; and

(d) he complies with such other requirements as may be prescribed.

**<u>SECTION : 19 OF SEEDS ACT 1966.</u>**

**Penalty**

If any person-

(a) contravenes any provision of this Act or any rule made thereunder; or

(b) prevents a Seed Inspector from taking sample under this Act; or

(c) prevents a Seed Inspector from exercising any other power conferred on him by or under this Act;

**he shall, on conviction, be punishable-**

(i) for the first offence with fine which may extend to five hundred rupees, and

(ii) in the event of such person having been previously convicted of an offence under this section, with imprisonment for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

➢ **<u>RULE : 21 OF SEEDS RULES 1968.</u>**

**<u>Duties of a Seed Analyst.</u>**

– On receipt of a sample for analysis the Seed Analyst shall first ascertain that the mark and the seal or fastening as provided in clause (b) of sub-section (1) of section 15 are intact and shall note the condition of the seals thereon.

**(2)** The Seed Analyst shall analyse the samples according to the provisions of the Act and these rules.

**(3) The Seed Analyst shall deliver the copy of the report of the result of the analysis to the persons specified in sub-section (1) of section 16.**

**(4)** The Seed Analyst shall from time to time forward to the State Government the reports giving the result of analytical work done by him.

➢ **RULE : 10 OF SEEDS RULES 1968.**

**Mark or Label not to contain false or misleading statement.** –

The mark or label shall not contain any statement, claim, design, device, fancy name or abbreviation which is false or misleading in any particular concerning the seed contained in the container.

(૧૦) સદરહુ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા અંગે **આંક–૨૭ થી ફરીયાદી ઉત્સવકુમાર રમેશભાઈ રાણપરીયાને** તપાસવામાં આવેલ છે. સદરહુ ફરીયાદીએ તેઓની સોગંદ ઉપરની જુબાની અન્વયે સરતપાસમાં જણાવેલ છે કે, " અમો કૃષિ ખેડુત કલ્યાણ સરકાર વિભાગ સચિવાલય ગાંધીનગરની અધિસુચના ક્રમાંક એસીડી/કેસીઆર-ઈ ફાઈલ -૨-૨૦૨૩-૦૨૮૭-કે ૧તા. ૦૬/૦૩/૨૦૨૩ થી નાયબ ખેતી નિયામક વિસ્તરણ કચેરી ભાવનગરના નિયંત્રણ હેઠળ ખેતીવાડી અધિકારી હેડ કવાટર્સ તળાજા તરીકે નિંમણુક થતા હાલમાં તળાજા મહુવા અને જેસર તાલુકામાં તારીખ ૧૫/૦૩/૨૦૨૩ થી ફરજ બજાવીએ છીએ. બિયારણ અધિનિયમ ૧૯૬૬ હેઠળ ગુજરાત સરકારશ્રીની સતાની રૂએ નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ-૧૮-૨૦૧૮-આઈએસટી-૧૦-૨૦૧૬-૬૩-કેઙ તા.૧૬/૦૧/૨૦૧૮ મુજબ અમો ફરિયાદીની જેસર તાલુકાના સીડ ઈન્સપેકટર તરીકે કાયદેસરની નિંમણુક થયેલ છે જે મુજબ જેસર તાલુકાના તમામ ગામ અને કસબા અમારા કાર્યક્ષેત્ર નીચે આવે છે. બિયારણ અધિનયમ ૧૯૬૬ની કલમ ૧૪ ની મળેલ સતાની રૂએ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈ નુ પાલન કરાવવા તેમજ ગુણવતા અંગેની ખાતરી કરાવવા બિયારણના નમુના લેવાની અમોને સતા મળેલ છે. નમુના ગુજરાત સરકારશ્રીની નોટીફાઈડ પ્રયોગશાળામાં બિન પ્રમાણીત થયેલ યોગ્ય નશીયત કરાવવા આઈ.પી.સી.કલમ ૨૧ મુજબ જાહેર સેવક હોઈ નામ.કોર્ટમાં ફરિયાદ કરવાની અમોને સતા હોય છે. જેસર મુકામે આવેલી શ્રી ખોડિયાર કૃષિ કેન્દ્રની તા. ૧૬/૦૬/૨૦૨૨ ના રોજ પુર્વ ખેતીવાડી અધિકારી શ્રી એન.બી.કવાડ જેઓ હાલ ખેતીવાડી અધિકારી ભાવનગર તરીકે ફરજ બજાવે છે. તેમના દ્વારા પેઢી શ્રી ખોડિયાર કૃષિ કેન્દ્રની મુલાકાત લેતા પેઢીના કબજામાં રહેલો નવભારત સીડસ પ્રા.લી. દ્વારા ઉત્પાદન તથા માર્કેટીંગ કરેલ બિયારણ રીસર્ચ હાઈબ્રીડ બાજરા જાત ગૌરી પ્લસ લોટ નંબર

એકે૦૧૧૧૯૭૨૫૬ સ્ટેજ, ટુથકુલ લેબલ ચકાસણી તારીખ ૨૩/૦૫/૨૦૨૨ એકસપાયરી તારીખ ૨૨/૦૨/૨૦૨૩ ના નમુના નંબર ૦૧/૨૦૨૨/૨૩ સીલબંધ ૧.૫ કિલોના પેકીંગમાથી અલગ અલગ ત્રણ ભાગમાં વહેંચીને બે સાક્ષીઓની હાજરીમાં જીનેટીક પ્યુરીટી અને જર્મીનેશનના પૃથ્થકરણના હેતુ માટે લેવામાં આવેલો હતો. આ અંગેની બીચારણનો નમુનો લીધાની રસીદ નમુના નં.૬ અને બિયારણની વિગતો દર્શાવતી નમુના નં.૮ દુકાનદારને આપી કુલ ત્રણ ભાગમાં નમુનો લીધેલ હતો. જેમાથી એક નમુનો ગુજરાત સરકાર શ્રીની નોટીફાઈડ બીજ ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગર ખાતે નમુના નં.૫ સાથે મોકલી આપેલ હતો જયારે એક નમુનો નાયબ ખેતી નિયામક વિસ્તરણ શ્રી ભાવનગર ની કચેરી ખાતે કસ્ટડીમાં રાખવામાં આવ્યો હતો અને એક નમુનો દુકાનદારને આપવામાં આવેલ હતો. બીજ ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરના પરિણામ ક્રમાંક પૃથ્થકરણ રિપોર્ટ નંબર એસટીએલ/ટેક-૧/૯૧૧૪-૯૧૧૮/૨૦૨૨ તા.૨૦/૧૦/૨૦૨૨ થી સદરહું પૃથ્થકરણ રિપોર્ટમાં જીનેટીક પ્યુરીટી ૩ ટકા આવતા નમુનો બીનપ્રમાણીત જાહેર થયેલ છે. તેથી તેવુ બિયારણ વેચવુ કે વેચાણ માટે રાખવુ / સંગ્રહ કરવો કે ઉત્પાદન કરવુ તે બિયારણ અધિનિયમ ૧૯૬૬ ના ભંગ થતા વિક્રેતાશ્રીને અને ઉત્પાદકને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલી હતી વિક્રેતા દ્વારા કારણદર્શક નોટીસના ખુલાસામાં મધ્યસ્થ વિક્રેતા રાધેશ્યામ એગ્રો એજન્સી મહુવા માથી ખરીદી કરેલ હોવાનુ જણાવી અને તે અંગેનુ બીલ રજુ કરેલ હતુ. સરકારશ્રીના કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની અધિસુચના માર્ક ૨/૧ થી કુલ ૭ પેજ રજુ કરેલ છે જેમા પેજ નંબર ૭ ઉપર ક્રમ નં. ૬૫ ઉપર મારૂ નામ પ્રસિધ્ધ કરેલ છે જે જાહેરનામાની સેલ્ફ એટેસ્ટેડ કોપી આરોપીઓની વિ.વ.શ્રી.ઓની સંમતીથી રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૨૮</u>** આપવામાં આવે છે. ખેતી નિયામકશ્રીની કચેરી ગાંધીનગર ખાતે હાજર થયાનો રિપોર્ટ તા.૧૪/૦૩/૨૦૨૩ અગાઉ માર્ક ૨/૨ થી રજુ કરેલ છે આજરોજ જેની સેલ્ફ એટેસ્ટેડ કોપી આરોપીઓની વિ.વ.શ્રી.ઓની સંમતીથી રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૨૯</u>** આપવામાં આવે છે. બિયારણ અધિનિયમ ૧૯૬૬ હેઠળ ગુજરાત સરકારશ્રીનુ જાહેરનામુ તા.૧૬/૦૧/૨૦૧૮ અગાઉ માર્ક ૨/૩ થી ક્રમ નંબર ૩૧૧ ઉપર રજુ કરેલ છે આજરોજ જેની સેલ્ફ એટેસ્ટેડ કોપી આરોપીઓની વિ.વ.શ્રી.ઓની સંમતીથી રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૩૦</u>** આપવામાં આવે છે. લાયસન્સદાર પાસેથી લીધેલ સેમ્પલની જાણ અંગે નો નમુનો-૬ માર્ક ૨/૪ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા પ્રોપરાઈટર શ્રી ખોડિયાર એગ્રોનાઓની સહિ છે તથા નિતીનભાઈ કવાડ બિયારણ ઈન્સપેકટરનાઓની સહિ છે જે હું ઓળખુ છુ જેને રજુ દાખલ **<u>આંક-૩૧</u>** આપવામાં આવે છે. બિયારણનો નમુનો લેવામાં આવેલ તે સમયે

ભરવાનો નમુનો-૮ માર્ક ૨/૫ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા પ્રોપરાઈટર શ્રી ખોડિયાર એગ્રોનાઓની સહિ છે તથા નિતીનભાઈ કવાડ બિયારણ ઈન્સપેક્ટરનાઓની સહિ છે તથા બે સાક્ષીઓ શંભુભાઈ મધુભાઈ ધુંધવાળા તથા સાગરભાઈ નાથાભાઈ ભમ્મરનાઓની સહિ છે જે હું ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક-૩૨** આપવામાં આવે છે. નમુનો લેતી વખતે દુકાનદાર પાસેથી લીધેલ બીલ માર્ક ૨/૬ રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **આંક-૩૩** આપવામાં આવે છે. બિયારણનો નમુનો પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં શ્રી નીતીનભાઈ કવાડ દ્વારા મોક્લયા અંગે ફોરવર્ડીંગ નમુના નં.૫ માર્ક ૨/૭ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા નીતીનભાઈ કવાડની સહિ છે જે ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક-૩૪** આપવામાં આવે છે. બીજચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરનો પૃથ્થકરણ અહેવાલ નમુના નં. VII તા.૧૧/૦૭/૨૦૨૨ માર્ક - ૨/૮ પેજ નંબર ૧ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **આંક-૩૫** આપવામાં આવે છે. બીજચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરનો પૃથ્થકરણ અહેવાલ નમુના નં. VII તા.૨૦/૧૦/૨૦૨૨ માર્ક - ૨/૮ પેજ નંબર ૨ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **આંક-૩૬** આપવામાં આવે છે. વિક્રેતાશ્રીને પાઠવવામાં આવેલ નોટીસ માર્ક ૨/૯ થી કુલ પાના નં.૨ રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા બિયારણ ઈન્સપેક્ટર નીતીનભાઈ કવાડની સહિ છે જે ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક-૩૭** આપવામાં આવે છે. વિક્રેતાશ્રીને પાઠવવામાં આવેલ નોટીસનો આરોપી નં.૧નાએ કરેલ ખુલાસો માર્ક ૨/૧૦ થી કુલ પાના ૧૩ રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા આરોપી નં.૧ ની સહિ છે જે ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક-૩૮** આપવામાં આવે છે. આરોપી નંબર ૩ મધ્યસ્થ વિક્રેતાને આપેલ કારણદર્શક નોટીસ તા.૦૫/૧૨/૨૦૨૨ જે માર્ક ૨/૧૧ કુલ પાના ૨ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા બિયારણ ઈન્સપેક્ટર નીતીનભાઈ કવાડની સહિ છે જે ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક-૩૯** આપવામાં આવે છે. આરોપી નંબર ૩ મધ્યસ્થ વિક્રેતાને આપેલ કારણદર્શક નોટીસ તા.૨૬/૧૨/૨૦૨૨ જે માર્ક ૨/૧૧ કુલ પાના ૧ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા બિયારણ ઈન્સપેક્ટર નીતીનભાઈ કવાડની સહિ છે જે ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક-૪૦** આપવામાં આવે છે. મધ્યસ્થ વિક્રેતાશ્રીને પાઠવવામાં આવેલ નોટીસનો આરોપી નં.૩ નાએ કરેલ ખુલાસો માર્ક ૨/૧૨ થી કુલ પાના ૮ તા.૧૩/૧૨/૨૦૨૨ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા આરોપી નં.૩ ની સહિ છે જે ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક-૪૧** આપવામાં આવે છે. આરોપી નંબર ૫ ઉત્પાદકને આપેલ કારણદર્શક નોટીસ

તા.૧૫/૧૧/૨૦૨૨ જે માર્ક ૨/૧૩ કુલ પાના ૨ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા બિયારણ ઈન્સપેકટર નીતીનભાઈ કવાડની સહિ છે જે ઓળખુ છુ જેને રજુ દાખલ **<u>આંક-૪૨</u>** આપવામાં આવે છે. ઉત્પાદકશ્રીને પાઠવવામાં આવેલ નોટીસનો આરોપી નં.૫ નાએ કરેલ ખુલાસો માર્ક ૨/૧૪ થી કુલ પાના ૯ તા.૨૧/૧૧/૨૦૨૨ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેમા આરોપી નં.૫ ની સહિ છે જે ઓળખુ છુ જેને રજુ દાખલ **<u>આંક-૪૩</u>** આપવામાં આવે છે. કોર્ટ કાર્યવાહી કરવા માટે ખેતી નિયામકશ્રી ગુજરાત રાજય ગાંધીનગર ને કરેલ દરખાસ્તની નકલ તા. ૧૮/૦૧/૨૦૨૩ જેમા બિયારણ ઈન્સપેકટર નીતીનભાઈ કવાડની તથા નાયબ ખેતી નિયામક વિસ્તરણ અધિકારી એસ.બી.વાઘમશી નાઓની સહિ છે જે ઓળખુ છુ જે ૨/૧૫ થી કુલ પાના ૮ થી રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૪૪</u>** આપવામાં આવે છે. ખેતી નિયામકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરનાઓએ પબ્લીક પ્રોસીકયુટરની નિમણુક તથા ફોજદારી કાર્યવાહી મંજુરીનો કાર્યાલય આદેશ તા. ૧૩/૦૨/૨૦૨૩ માર્ક ૨/૧૬ થી કુલ પાના ૨ રજુ છે જે આજરોજ અસલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૪૫</u>** આપવામાં આવે છે. સદરહું કેસના કાગળો અમોને પુર્વખેતીવાડી અધિકારી જેસર નીતિનભાઈ કવાડ તરફથી તા. ૧૫/૦૩/૨૦૨૨ ના રોજ મળેલ છે ત્યારબાદ તા. ૧૧/૦૪/૨૦૨૩ ના રોજ જેસર નામ.કોર્ટમાં મે ખાનગી ફરિયાદ દાખલ કરેલ જે આંક-૧ થી રજુ છે જેમા મારી સહિ છે જે ઓળખુ છુ. સદરહું કેસનો મુદ્દામાલ ખેતીવાડી અધિકારી નીતીનભાઈ કવાડ દ્રારા લીધેલ નમુનાનો એક ભાગ જે નાયબ ખેતીનિયામક વિસ્તરણ ભાવનગર ની કસ્ટડીમાં સોંપેલ હતો તે અહી અમે આજરોજ નામ.કોર્ટમાં રજુ કરીએ છીએ જેમાં એગ્રી કલ્ચર ઓફીસર જેસર ના બ્રાસ શીલ થી શિલ કરેલો છે અને સદરહું નમુના પર લાગેલી પાવતી ઉપર નમુનાની વિગતો લખેલી છે અને તેમા એગ્રીકલ્ચર ઓફિસર જેસર નિતિનભાઈ કવાડની સહી છે જે ઓળખુ છુ જે આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક–૪૬</u>** આપવામાં આવે છે."

આમ, ઉપરોકત ફરીયાદી પોતાની નામદાર કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને અંશતઃ સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે.

જયારે બચાવપક્ષ તરફે સદરહું ફરીયાદીની લેવામાં આવેલ **ઉલટતપાસ** જોઈએ તો, "હું માર્ચ ૨૦૨૩ થી એગ્રીકલ્ચર ઓફિસર તરીકે મારી ફરજ બજાવુ છુ. તે વાત ખરી છે કે જે સમયે નમુનો લીધો તે સમયે હું એગ્રીકલ્ચર ઓફિસર નહતો. તે વાત ખરી છે કે ફરિયાદ વાળો નમુનો લીધેલ ત્યારે હું ત્યાં હાજર પણ નહતો. તે વાત ખરી છે કે નમુનો લેવાની શુ પ્રક્રિયા કરવામાં આવી તેની મને

કોઈ જાત માહિતી નથી. તે વાત ખરી છે કે મે આંક-૧ માં જે ફરિયાદ દાખલ કરી તેમા મારી સહિ છે તે સિવાય રજુ કરેલ દસ્તાવેજમાં મારી સહિ નથી. તે વાત ખરી છે કે ફરિયાદ સાથે રજુ કરેલ કોઈ પણ દસ્તાવેજોમાં મારી રૂબરૂમાં સહી કરવામાં આવેલ નથી. તે વાત ખરી છે કે નિતિનભાઈ કવાડ પાસેથી મળેલા દસ્તાવેજો ઉપરથી અમોએ આ ફરિયાદ દાખલ કરેલ છે. તે વાત ખરી છે કે આ ફરિયાદને લગતા તમામ દસ્તાવેજો રેકર્ડ ઉપર મુકેલા છે અને આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજો બાકી રહેતા નથી. તે વાત ખરી છે કે અસલ દસ્તાવેજો ઉપરથી ઝેરોક્ષ નકલ કરીને ફરિયાદ સાથે મે આંક-૨ના લીસ્ટથી થી રજુ કરેલ. તે વાત ખરી છે કે હું સીડસ એકટની તમામ જોગવાઈઓથી માહિતગાર છુ. તે વાત ખરી છે કે નમુનો લેવાની કાર્યવાહી આ સીડસ એકટમાં દર્શાવવામાં આવેલ છે. તે વાત ખરી છે કે તે પ્રક્રિયાને અનુસરીને નમુનો લેવાનો હોય છે. તે વાત ખરી છે કે જે ત્રણ નમુના લેવાની પ્રક્રીયા શું કરી તે હું કહી શકુ નહી. તે વાત ખરી છે કે આ ત્રણ નમુના પૈકી એક નમુનો વિક્રેતા પેઢીને આપવો પડે તેમજ જે નમુનો લે તે નમુનાની કિંમત વિક્રેતાને ચુકવવી પડે. તે વાત ખરી છે કે ત્રણ નમુના પૈકી ૧ નમુનો વિક્રેતા પેઢીને આપેલ હોય તેનો કોઈ લેખિત આધાર આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે દોઢ કિલોની એક બેગમાથી જે ત્રણ નમુના લેવામાં આવ્યા તેમાથી એક નમુનો વિક્રેતા પેઢીને આપવામાં આવ્યો અને સંયુકત બીલ રજુ કરેલ છે. તે વાત ખરી છે કે બીલ ઉપર વિક્રેતા પેઢીને નમુનો આપેલ છે તેવી કોઈ નોંધ દર્શાવેલ નથી. આંક-૩૫ વાળા લેબોરેટરી ના પૃથ્થકરણ અહેવાલ પ્રમાણે ફરિયાદ વાળો નમુનો પાસ યાને કે પ્રમાણીત જાહેર કરવામાં આવેલ છે. લેબોરેટરીમાં તા.૧૮/૦૬/૨૦૨૨ ના રોજ નમુનો મળેલ છે જેનો પૃથ્થકરણ અહેવાલ તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. તે વાત ખરી છે કે લેબોરેટરીને નમુનો મળ્યાના ૩૦ દિવસમા આ રિપોર્ટ આપવામાં આવેલ છે. તે વાત ખરી છે કે આંક-૩૬ વાળા લેબોરેટરી ના પૃથ્થકરણ અહેવાલમાં નમુનો મળ્યાની તારીખ ૧૮/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ હોવાનુ દર્શાવેલ છે. તે વાત ખરી છે કે આંક-૩૬ પૃથ્થકરણ અહેવાલ તા.૨૦/૧૦/૨૦૨૨ યાને કે નમુનો મળ્યાના ૧૨૪ દિવસ બાદ આપવામાં આવેલ છે. તે વાત ખરી છે કે આ પૃથ્થકરણ અહેવાલ લેબોરેટરીએ કઈ રીતે પૃથ્થકરણ કરીને આપેલ છે તે હું કહી શકુ નહી. તે વાત ખરી છે કે આંક–૩૭,૩૯ તથા ૪૦ વાળી નોટીસના આરોપીઓ તર્ફે અનુક્રમે આંક–૩૮,૪૧,૪૩ થી જવાબો આપેલા છે અને જવાબો સાથે અમારી નોટીસમાં માંગ્યા મુજબના દસ્તાવેજી પુરાવા આપેલ છે. તે વાત ખરી છે કે ઉપરોકત ત્રણેય

જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે સદરહું લોટના બિયારણ ની ગુણવતા બાબતે કોઈ ખેડુતની ફરિયાદ આવેલ નથી. તે વાત ખરી છે કે આંક–૪૧ તથા ૪૩ ના જવાબમાં આરોપીઓએ નમુનાના રીટેસ્ટીંગની માંગણી કરેલી. તેમજ આંક–૪૩ વાળા જવાબ સાથે કંપની દ્વારા લેબોરેટરીની ચકાસણી અહેવાલ રજુ કરેલ છે. તે વાત ખરી છે કે આંક–૩૬ વાળો પૃથ્થકરણ અહેવાલ તે આખરી અહેવાલ નથી તેના રીએનાલીસીસ ની કાયદામાં સીડસ એકટની કલમ–૧૬(૨) માં જોગવાઈ છે. તે વાત ખરી છે કે સીડસ એકટની કલમ–૧૬(૨) અન્વયે રીએનાલીસીસ માટેની કાર્યવાહી નામ.કોર્ટમાં કેસ દાખલ થયા બાદ કરી શકાય. તે વાત ખરી છે કે સીડસ એકટની કલમ–૧૬(૨) અન્વયે રીએનાલીસીસ માટેની કાર્યવાહી માટે ફરિયાદી તથા આરોપી બન્નેને તક આપવામાં આવે છે. તે વાત ખરી છે કે નમુનો લેવા જઈએ ત્યારે જે બિયારણની વેલીડીટી પુરી થઈ ગયેલ હોય તેનો નમુનો લઈ શકાય નહી તેમજ તેવો નમુનો એનાલીસીસ માટે મોકલી શકાય નહી. તે વાત ખરી છે કે મે જયારે ફરિયાદ દાખલ કરી ત્યારે નમુના વાળા બિયારણની વેલીડીટી પુરી થઈ ગયેલી. તે વાત ખરી છે કે નમુનાની વેલીડીટીની જાણ ફરિયાદીને નમુનો લેતી વખતે જ ખ્યાલ હોય છે."

**આમ, આરોપી પક્ષે ઉપરોકત ફરીયાદીની થયેલ ઉપરોકત વિસ્તૃત ઉલટતપાસથી ફરીયાદીએ અગાઉ સરતપાસમાં રજુ કરેલ પુરાવાની હકીકતોનું ચોકકસથી ખંડન થયેલ છે.**

(૧૧) સદરહુ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા અંગે **<u>આંક–૪૮ થી સાહેદ નિતીનભાઈ ભોપાભાઈ કવાડને</u>** તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદએ તેઓની સોગંદ ઉપરની જુબાની અન્વયે સરતપાસમાં જણાવેલ છે કે, " અમો કૃષિ ખેડુત કલ્યાણ સરકાર વિભાગ સચિવાલય ગાંધીનગરની અધિસુચના ક્રમાંક કુશમ ૧૨૧૮ જીપીક્૧ તા. ૨૫/૦૭/૨૦૧૮ ની અધિસુચનાથી અમોને હેડકવાટર્સ તળાજા ખાતે ખેતી અધિકારી તળાજા તરીકે નિમણુક થતા તા.૩૧/૦૭/૨૦૧૮ ના રોજ વડી કચેરી નાયબ ખેતી નિયામક વિસ્તરણ ભાવનગર ખાતે હાજર થયેલ. ત્યારબાદ તા.૦૭/૦૮/૨૦૧૮ ના કાર્યાલય આદેશથી અમોને તળાજા રેગ્યુલર અને મહુવા તથા જેસર તાલુકાનો વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ. બિયારણ અધિનિયમ ૧૯૬૬ હેઠળ ગુજરાત સરકારશ્રીની સતાની રૂએ નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ-૧૮-૨૦૧૮-આઈએસટી-૧૦-૨૦૧૬-૬૩-કે૬

તા.૧૬/૦૧/૨૦૧૮ મુજબ અમો ફરિયાદીની જેસર તાલુકાના સીડ ઈન્સપેક્ટર તરીકે કાયદેસરની  નિંમણુક થયેલ છે જે મુજબ જેસર તાલુકાના તમામ ગામ અને કસબા અમારા કાર્યક્ષેત્ર નીચે આવે છે. બિયારણ અધિનયમ ૧૯૬૬ની કલમ ૧૪ ની મળેલ સતાની રૂએ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈ નુ પાલન કરાવવા તેમજ ગુણવતા અંગેની ખાતરી કરાવવા બિયારણના નમુના લેવાની અમોને સતા મળેલ છે. નમુના ગુજરાત સરકારશ્રીની નોટીફાઈડ પ્રયોગશાળામાં બિન પ્રમાણીત થયેલ યોગ્ય નશીયત કરાવવા આઈ.પી.સી.કલમ ૨૧ મુજબ જાહેર સેવક હોઈ નામ.કોર્ટમાં ફરિયાદ કરવાની અમોને સતા હોય છે.જેસર મુકામે આવેલી શ્રી ખોડિયાર એગ્રો સેન્ટર પાલીતાણા ચોકડી જેસર ખાતે તા. ૧૬/૦૬/૨૦૨૨ ના રોજ  ખેતીવાડી અધિકારી તરીકે અમોએ ગુણવતા નિયંત્રણ હેઠળ મુલાકાત કરેલ અને પેઢીની અંદર ચકાસણી કરેલ ત્યારે સદરહું પેઢી બિયારણ વેચાણનો પરવાનો ધરાવે છે અને પરવાનાની અવધી ચાલુ માલુમ પડેલ આ ઉપરાંત પેઢી ખાતે ઉપલ્બધ હાઈબ્રીડ બાજરાનુ નવભારત સીડસ પ્રા.લી. દ્વારા ઉત્પાદન તથા માર્કેટીંગ કરેલ બિયારણ રીસર્ચ હાઈબ્રીડ બાજરા જાત ગૌરી પ્લસ લોટ નંબર એકે૦૧૧૧૯૭૨૫૬ સ્ટેજ, ટુથકુલ લેબલ ચકાસણી તારીખ ૨૩/૦૫/૨૦૨૨ એકસપાયરી તારીખ ૨૨/૦૨/૨૦૨૩ ની વિગતનો ઉત્પાદક કંપનીના શીલબંધ પેકીંગમાં જથ્થો ઉપલબ્ધ હતો જેમાથી અમોએ નમુનો લેવા માટે બિયારણ અધિનિયમ હેઠળ નકકી થયેલ નમુના ફોર્મ ૬થી પૃથ્થકરણ હેતુ માટે નમુના લેવાના ઈરાદાની લેખીતમાં પેઢી ખાતે હાજર જવાબદાર વ્યકિતને નોટીસ આપેલ જેમા અમોએ એગ્રીકલ્ચર ઓફિસર જેસરનો સ્ટેમ્પ અને સહી કરેલ અને પેઢીનો સ્ટેમ્પ અને જવાબદારની સહી મેળવેલ. ત્યારબાદ બિયારણની વિગતો દર્શાવતી નમુના નં.૮ માં પેઢી ખાતે હાજર જવાબદાર વ્યકિત અને બે સાક્ષીઓને નમુનાની વિગતોથી વાકેફ કરી બિયારણની તમામ વિગતો જેવી કે પાકનુ નામ , લોટ નંબર , જાત , ચકાસણી તારીખ , ઉત્પાદક કંપનીનુ નામ  વગેરે વિગતો નોંધી હાજર ઉક્ત વ્યકિતઓના નામ , ઉંમર નોંધીને સહીઓ મેળવેલ. ઉપરાંત ખરીદ કરેલ એક નંગનુ વેચાણ બીલ પણ મેળવેલ છે જેમા જવાબદારની સહી મેળવેલ છે જેની કોઈ કિંમત તેઓએ માંગેલ નથી. વધુમાં અમોએ ઉપરોકત બન્ને નમુના ફોર્મ ૬ અને ૮ ની બે પ્રત તૈયાર કરી એક પ્રત પેઢીના જવાબદાર વ્યકિતને સુપ્રત કરેલ જેમા એગ્રીકલ્ચર ઓફિસર જેસરનો સ્ટેમ્પ અને સહી કરેલ અને પેઢીનો સ્ટેમ્પ અને જવાબદારની સહી મેળવેલ. ત્યારબાદ બિયારણ અધિનયમ ૧૯૬૬ની કલમ ૧૫ માં દર્શાવેલ નિયત કાર્યપધ્ધતિ તેમજ બિયારણ નિયમો ૧૯૬૮ના નિયમ ૨૪ ,૨૫ ,૨૬ અનુસાર કાર્યપધ્ધતિ મુજબ શીલબંધ ૧.૫ કિ.ગ્રા. પેકીંગ ની પસંદગી કરેલ અને તેમાથી બાજરાના પાકના બિયારણને અમો પાસે

ઉપલબ્ધ મજબુત પ્લાસ્ટીક બેગમાં નમુનો તૈયાર કરવા માટે જરૂરી બિયારણ મેળવી ત્રણ જુદા જુદા નમુનાઓ તૈયાર કરવા માટે ત્રણ પ્લાસ્ટીક બેગ તૈયાર કરેલ જેને સ્ટેપલરની પીન  લગાવી ત્રણેય નમુનાને મજબુત જાડા સ્વચ્છ ભેજ રહીત સુકા કાગળમાં વીટાળી તેના ઉપર નમુનાની વિગતોની સ્લીપ મુકી મજબુત જાડા દોરાથી તમામ ભાગોને આવરી નમુનો તૈયાર કરેલ ત્રણેય નમુનાઓ  ઉપર એગ્રીકલ્ચર ઓફિસર જેસરના બ્રાસશીલની મદદથી લાખ / મીણ નું શીલ ઉપજાવેલ આવી રીતે નમુના ઉપર જુદા જુદા ભાગે કુલ ૪ શીલ ઉજાવેલ હતા. સદરહું નમુનાની સ્લીપ ઉપર એગ્રીકલ્ચર ઓફિસર જેસરનો સ્ટેમ્પ અને સહી કરેલ અને પેઢીનો સ્ટેમ્પ અને જવાબદારની સહી મેળવેલ.ઉપરોકત ત્રણેય ટેસ્ટ સેમ્પલ એકસરખા લોટના તૈયાર કરેલ અને તમામ નમુના ક્રમાંક ૦૧/૨૨-૨૩ કોડ આપેલ. આમ, ઉપરોકત પ્રકિયા બાદ કુલ ૩ ટેસ્ટ સેમ્પલ પૈકી એક શીલબંધ ભાગ પેઢીના જવાબદાર વ્યકિતને સોંપેલ જયારે બીજો ભાગ જીઓટી અને જર્મીનેશન પૃથ્થકરણ માટે બીજ ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરને તા.૧૭/૦૬/૨૦૨૨ ના રોજ નિયત ફોર્મ નમુના ૫ ના ફોરવર્ડીંગ પત્રથી મોકલી આપેલ જયારે નમુનાનો ત્રીજો ભાગ અમોની કચેરી ખાતે કસ્ટડીમાં રાખેલ. કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની તા.૦૧/૦૭/૨૦૨૨ ની અધિસુચના ક્રમાંક કુશમ ૧૨૨૦૨૧-૮૩૪-ક૧ થી જાહેર હિતમાં અમોની બદલી હેડકવાટર્સ ભાવનગર ખાતે થતા તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ કચેરી ખાતે હાજર થઈ અમો પાસે રહેલ તળાજા મહુવા જેસર તાલુકાઓનો ચાર્જ શ્રી અર્જુનસિંહ જીતેનદ્રસિંહ ઝાલાને સોંપેલ હતો ત્યારબાદ તા. ૧૧/૦૭/૨૦૨૨ ના રોજ બીજ ચકાસણી પ્રયોગશાળા દ્રારા પરિણામ જાહેર કરેલ જેમા જર્મીનેશન નિયત ૭૫ ટકા ની જગ્યાએ ૭૯ ટકા તથા ભૌતીક શુધ્ધતા નિયત ૯૮ ટકાની જગ્યાએ ૯૮.૨૧ ટકા માલુમ પડેલ. ત્યારબાદ તા.૨૭/૧૦/૨૦૨૨ થી અર્જુનસિંહ જીતેનદ્રસિંહ ઝાલાની ગોધરા ખાતે બદલી થતા અમોને જેસર તાલુકાનો ચાર્જ સોંપવામાં આવેલ હતો. જે દરમ્યાન તા. ૨૦/૧૦/૨૦૨૨ ના રોજ પ્રયોગશાળા દ્રારા પરિણામ જાહેર કરેલ જેમા બાજરા પાકમાં જરૂરી શુધ્ધતા , જીનેટીક પ્યુરીટી ૯૫ ટકા ની જગ્યાએ માત્ર ૩ ટકા માલુમ પડેલ જયારે ૯૭ ટકા અશુધ્ધ બિયારણ માલુમ પડતા સદરહું નમુનો બિયારણ અધિનિયમ ૧૯૬૬ ની કલમ-૬(ક) મુજબ બિનપ્રમાણીત જાહેર થયેલ જેથી કલમ ૭(ખ) નો પણ ભંગ થયેલ તેમજ બિયારણ નિયમો ૧૯૬૮ ના નિયમ ૧૦ મુજબની લેબલની વિગતો ગેરમાર્ગે દોરેલ હોવાથી આ અધિનિયમ હેઠળ કલમ-૧૯ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો બને છે. સદરહું પરિણામ અમોને તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ મળેલ જે સામેલ રાખી તા.૧૫/૧૧/૨૦૨૨ ના રોજ વિક્રેતા પેઢીને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગેલ જેઓ દ્રારા

તા.૨૧/૧૧/૨૦૨૨ ના રોજ ખુલાસો મોકલી આપેલ અને જણાવેલ કે સદરહું બિયારણ રાધેશ્યામ એગ્રો કેમીકલ્સ મહુવા ખાતેથી ખરીદ કરેલ છે અને ખરીદીની બીલની નકલ રજુ કરેલ છે.અને જવાબદાર વ્યકિત તરીકે ભરતભાઈ રામજીભાઈ રાઠોડ હોવાનુ જણાવેલ. સદરહું પરિણામ અમોને તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ મળેલ જે સામેલ રાખી તા.૧૫/૧૧/૨૦૨૨ ના રોજ ઉત્પાદક પેઢીને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગેલ જેઓ દ્રારા તા.૨૧/૧૧/૨૦૨૨ ના રોજ ખુલાસો મોકલી આપેલ. જવાબદાર વ્યકિત તરીકે ચંદુલાલ વેલજીભાઈ અમીપરા હોવાનુ જણાવેલ. સદરહું પરિણામ અમોને તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ મળેલ જે સામેલ રાખી તા.૦૫/૧૨/૨૦૨૨ ના રોજ મધ્યસ્થ વિક્રેતા પેઢીને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગેલ જેઓ દ્રારા તા.૧૩/૧૨/૨૦૨૨ ના રોજ ખુલાસો મોકલી આપેલ અને જણાવેલ કે સદરહું બિયારણ ઉત્પાદક કંપની પાસેથી ખરીદ કરેલ છે જેના ખરીદીની બીલની નકલ રજુ કરેલ છે. જવાબદાર વ્યકિત તરીકે નાનજીભાઈ કેશવભાઈ ભુત હોવાનુ જણાવેલ. ઉપરોકત તમામ ખુલાસાઓ અનુક્રમે અમોને તા.૦૫/૧૨/૨૦૨૨ અને તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ છે ત્યારબાદ ઉપરોકત ખુલાસાઓ અને આનુસંગીક તમામ વિગતો સામેલ રાખી તા. ૧૧/૦૧/૨૦૨૩ ના રોજ તમામની સામે ફોજદારી કાર્યવાહી કરવા માટે ખેતી નિયામકશ્રી ગાંધીનગરને કચેરીના વડા નાયબ ખેતીનિયામકની ભલામણસહ તા. ૧૮/૦૧/૨૦૨૩ના રોજ દરખાસ્ત મોકલી આપેલ જેના અનુસંધાને ખેતીનિાયમકશ્રી દ્રારા તા. ૧૩/૦૨/૨૦૨૩ થી કાર્યાલય આદેશ મોકલી આપેલ અને આ કામે જવાબદાર તમામ સામે નામ.જેસર કોર્ટમાં ફરિયાદ દાખલ કરવા જણાવેલ અને આસી.પબ્લીક પ્રોસી. જેસરને આ કામે કાર્યવાહી કરવા વિનંતી કરેલ સદરહું આદેશ અમોને તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ મળેલ ત્યારબાદ શ્રી યુ.આર. રાણપરીયાની જેસર ખાતે નિમણુક થતા અમોએ અમારા હસ્તકનો ચાર્જ તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ તેઓને સોંપેલ જેઓએ આ કામે ફરિયાદ દાખલ કરેલ. લાયસન્સદાર પાસેથી લીધેલ સેમ્પલની જાણ અંગે નો નમુનો-૬ આ કામે આંક-૩૧ થી રજુ છે જેમા ખોડિયાર એગ્રોના પ્રોપરાઈટર ભરતભાઈ રામજીભાઈ રાઠોડ ની સહિ છે તથા બિયારણ ઈન્સપેકટર તરીકે મારી સહિ છે જે હું ઓળખુ છુ. બિયારણનો નમુનો લેવામાં આવેલ તે સમયે ભરવાનો નમુનો-૮ આ કામે આંક-૩૨ થી રજુ છે જેમા ખોડિયાર એગ્રોના પ્રોપરાઈટર ભરતભાઈ રામજીભાઈ રાઠોડ ની સહિ છે તથા બિયારણ ઈન્સપેકટર તરીકે મારી સહિ છે તથા બે સાક્ષીઓ શંભુભાઈ મધુભાઈ ધુંધવાળા તથા સાગરભાઈ નાથાભાઈ ભમ્મરનાઓની સહિ છે જે હું ઓળખુ છુ. નમુનો લેતી વખતે દુકાનદાર પાસેથી લીધેલ બીલ આ કામે આંક-૩૩ થી રજુ છે જેમા ખોડિયાર એગ્રોના પ્રોપરાઈટર ભરતભાઈ રામજીભાઈ રાઠોડ

ની ટુંકી સહિ છે. બિયારણનો નમુનો પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં શ્રી નીતીનભાઈ કવાડ દ્રારા મોકલયા અંગે ફોરવર્ડીંગ નમુના નં.૫ આ કામે આંક-૩૪ થી રજુ છે જેમા ખોડિયાર એગ્રોનો સિકકો મારેલ છે તથા બિયારણ ઈન્સપેકટર તરીકે મારી સહિ છે જે હું ઓળખુ છુ. વિક્રેતાશ્રીને પાઠવવામાં આવેલ નોટીસ આ કામે આંક-૩૭ થી કુલ પાના નં.૨ રજુ છે જેમાં બિયારણ ઈન્સપેકટર તરીકે મારી સહિ છે જે ઓળખુ છુ. વિક્રેતાશ્રીને પાઠવવામાં આવેલ નોટીસનો આરોપી નં.૧નાએ કરેલ ખુલાસો આ કામે આંક-૩૮ થી કુલ પાના ૧૩ રજુ છે જેમા આરોપી નં.૧ ની સહિ છે જે ઓળખુ છુ. આરોપી નંબર ૩ મધ્યસ્થ વિક્રેતાને આપેલ કારણદર્શક નોટીસ તા.૦૫/૧૨/૨૦૨૨ જે આ કામે આંક-૩૯ થી કુલ પાના ૨ થી રજુ છે જેમા બિયારણ ઈન્સપેકટર તરીકે મારી સહિ છે જે ઓળખુ છુ. આરોપી નંબર ૩ મધ્યસ્થ વિક્રેતાને આપેલ કારણદર્શક નોટીસ તા.૨૬/૧૨/૨૦૨૨ જે આ કામે આંક-૪૦ થી કુલ પાના ૧ થી રજુ છે જેમા બિયારણ ઈન્સપેકટર તરીકે મારી સહિ છે જે ઓળખુ છુ. મધ્યસ્થ વિક્રેતાશ્રીને પાઠવવામાં આવેલ નોટીસનો આરોપી નં.૩ નાએ કરેલ ખુલાસો આ કામે આંક-૪૧ થી કુલ પાના ૮ તા.૧૩/૧૨/૨૦૨૨ થી રજુ છે જેમા આરોપી નં.૩ ની સહિ છે જે ઓળખુ છુ.આરોપી નંબર ૫ ઉત્પાદકને આપેલ કારણદર્શક નોટીસ તા.૧૫/૧૧/૨૦૨૨ જે આ કામે આંક-૪૨ થી કુલ પાના ૨ થી રજુ છે જેમા બિયારણ ઈન્સપેકટર તરીકે મારી સહિ છે જે ઓળખુ છુ. ઉત્પાદકશ્રીને પાઠવવામાં આવેલ નોટીસનો આરોપી નં.૫નાએ કરેલ ખુલાસો આ કામે આંક-૪૩ થી કુલ પાના ૯ તા.૨૧/૧૧/૨૦૨૨ થી રજુ છે જેમા આરોપી નં.૫ ની સહિ છે જે ઓળખુ છુ. કોર્ટ કાર્યવાહી કરવા માટે ખેતી નિયામકશ્રી ગુજરાત રાજય ગાંધીનગર ને કરેલ દરખાસ્તની નકલ તા. ૧૮/૦૧/૨૦૨૩ જેમા બિયારણ ઈન્સપેકટર તરીકે મારી તથા તથા નાયબ ખેતી નિયામક વિસ્તરણ અધિકારી એસ.બી.વાઘમશી નાઓની સહિ છે જે ઓળખુ છુ જે આ કામે આંક-૪૪ થી રજુ છે. ખેતી નિયામકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરનાઓએ પબ્લીક પ્રોસીકયુટરની નિંમણુક તથા ફોજદારી કાર્યવાહી મંજુરીનો કાર્યાલય આદેશ તા. ૧૩/૦૨/૨૦૨૩ આ કામે આંક-૪૫ થી કુલ પાના ૨ રજુ છે જે ઓળખુ છુ. સદરહું કેસના કાગળો અમોએ ખેતીવાડી અધિકારી જેસર ઉત્સવભાઈ રમેશભાઈ રાણપરીયાનાઓને તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ આપેલ ત્યારબાદ તા. ૧૧/૦૪/૨૦૨૩ ના રોજ જેસર નામ.કોર્ટમાં તેઓએ ખાનગી ફરિયાદ દાખલ કરેલ. સદરહું કેસનો મુદ્ધામાલ ખેતીવાડી અધિકારી તરીકે અમોએ લીધેલ નમુનાઓ પૈકીનો એક ભાગ જે નાયબ ખેતીનિયામક વિસ્તરણ ભાવનગર ની કસ્ટડીમાં સોંપેલ હતો તે અહી આંક-૪૬ થી ખેતીવાડી અધિકારી ઉત્સવભાઈએ શીલબંધ રજુ કરેલ છે તેમા એગ્રીકલ્ચર ઓફિસર તરીકે મારી સહી અને

પ્રોપરાઈટર તરીકે ભરતભાઈ રામજીભાઈ રાઠોડનાઓની સહિ છે જે ઓળખુ છુ અને આ નમુનો તેઓની તથા પંચોની રૂબરૂમાં લેવામાં આવેલ અને તેના ઉપર એગ્રીકલ્ચર ઓફિસર જેસરનુ બ્રાસશીલ ઉપસાવેલ હતુ. અમો કૃષિ ખેડુત કલ્યાણ સરકાર વિભાગ સચિવાલય ગાંધીનગરની અધિસુચના ક્રમાંક કુશમ ૧૨૧૮ જીપીકક૧ તા.૨૫/૦૭/૨૦૧૮ ની અધિસુચનાથી અમોને હેડકવાટર્સ તળાજા ખાતે ખેતી અધિકારી તળાજા તરીકે નિંમણુક થયેલ તે નોટીફીકેશનની કોપી સેલ્ફ એટેસ્ટેડ થી પાના ક્રમાંક ૪ આજરોજ રજુ કરૂ છુ જેમા ક્રમાંક ૧૧ ઉપર મારૂ નામ લખેલ છે જેને રજુ દાખલ **<u>આંક- ૪૯</u>** આપવામાં આવે છે. તા.૩૧/૦૭/૨૦૧૮ ના રોજ વડી કચેરી નાયબ ખેતી નિયામક વિસ્તરણ ભાવનગર ખાતે હાજર થયેલ. જેનો હાજર રિપોર્ટ સેલ્ફ એટેસ્ટેડ થી પાના ક્રમાંક ૧ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૫૦</u>** આપવામાં આવે છે. તા.૦૭/૦૮/૨૦૧૮ ના રોજ વડી કચેરી નાયબ ખેતી નિયામક વિસ્તરણ ભાવનગરના કાર્યાલય આદેશથી અમોને મહુવા અને જેસર તાલુકાનો વધારાનો હવાલો સોંપેલ જેનો રિપોર્ટ સેલ્ફ એટેસ્ટેડ થી પાના ક્રમાંક ૧ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૫૧</u>** આપવામાં આવે છે. અમો કૃષિ ખેડુત કલ્યાણ સરકાર વિભાગ સચિવાલય ગાંધીનગરની અધિસુચના ક્રમાંક કુશમ ૧૨૨૦૨૧-૮૩૪-ક૧,તા.૦૧/૦૭/૨૦૨૨ની અધિસુચનાથી અમોને હેડકવાટર્સ ભાવનગર ખાતે જાહેર હિતમાં બદલી થયેલ તે નોટીફીકેશનની કોપી સેલ્ફ એટેસ્ટેડ થી પાના ક્રમાંક ૨ રજુ કરૂ છુ જેમા ક્રમાંક ૩૪ ઉપર મારૂ નામ લખેલ છે જેને આજરોજ રજુ દાખલ **<u>આંક-૫૨</u>** આપવામાં આવે છે. તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ વડી કચેરી નાયબ ખેતી નિયામક વિસ્તરણ ભાવનગર ખાતે હાજર થયેલ. જેનો હાજર રિપોર્ટ સેલ્ફ એટેસ્ટેડ થી પાના ક્રમાંક ૧ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૫૩</u>** આપવામાં આવે છે. તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ અમોએ શ્રી અર્જુનસિંહ જીતેન્દ્રસિંહ ઝાલાને અમોના હસ્તકનો ચાર્જ સોંપેલ જે રિપોર્ટ સેલ્ફ એટેસ્ટેડ થી પાના નં. ૨ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૫૪</u>** આપવામાં આવે છે. તા.૨૭/૧૦/૨૦૨૨ ના રોજ શ્રી અર્જુનસિંહ જીતેન્દ્રસિંહ ઝાલાની ગોધરા ખાતે બદલી થતા અમોને તેઓના હસ્તકનો ચાર્જ સોંપેલ જે રિપોર્ટ સેલ્ફ એટેસ્ટેડ થી પાના નં. ૧ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૫૫</u>** આપવામાં આવે છે. તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજ અમોએ શ્રી ઉત્સવભાઈ રાણપરીયાને અમોના હસ્તકનો ચાર્જ સોંપેલ જે રિપોર્ટ સેલ્ફ એટેસ્ટેડ નકલ પાના નં. ૧ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ **<u>આંક-૫૬</u>** આપવામાં આવે છે."

આમ, ઉપરોકત સાહેદ પોતાની નામદાર કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને અંશત: સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે.

જયારે બચાવપક્ષ તરફે સદરહું સાહેદની લેવામાં આવેલ **ઉલટતપાસ** જોઈએ તો, " તે વાત ખરી છે કે હું ખેતીવાડી અધિકારી હોવાથી બિયારણને લગતા કાયદા તથા જોગવાઈઓથી માહીતગાર છુ. તે વાત ખરી છે કે હું જે નમુનો લેવા ગયો હતો તે નમુના વાળા બિયારણની ગુણવતા બાબતની કોઈ ફરિયાદના આધારે નહી પરંતુ રૂટીન કામગીરીમાં નમુનો લેવા ગયેલો. તે વાત ખરી છે કે આ નમુનાવાળા બિયારણની ગુણવતા બાબતે કોઈ ખેડુતની ફરિયાદ આવેલ નહી. તે વાતનો મને ખ્યાલ નથી કે મારી સરતપાસમાં જણાવ્યા પ્રમાણે ની હકીકત જેવી કે " બિયારણ અધિનયમ ૧૯૬૬ની કલમ ૧૫ માં દર્શાવેલ નિયત કાર્યપધ્ધતિ તેમજ બિયારણ નિયમો ૧૯૬૮ના નિયમ ૨૪ ,૨૫ ,૨૬ અનુસાર કાર્યપધ્ધતિ મુજબ શીલબંધ ૧.૫ કિ.ગ્રા. પેકીંગ ની પસંદગી કરેલ અને તેમાથી બાજરાના પાકના બિયારણને અમો પાસે ઉપલબ્ધ મજબુત પ્લાસ્ટીક બેગમાં નમુનો તૈયાર કરવા માટે જરૂરી બિયારણ મેળવી ત્રણ જુદા જુદા નમુનાઓ તૈયાર કરવા માટે ત્રણ પ્લાસ્ટીક બેગ તૈયાર કરેલ જેને સ્ટેપલરની પીન લગાવી ત્રણેય નમુનાને મજબુત જાડા સ્વચ્છ ભેજ રહીત સુકા કાગળમાં વીટાળી તેના ઉપર નમુનાની વિગતોની સ્લીપ મુકી મજબુત જાડા દોરાથી તમામ ભાગોને આવરી નમુનો તૈયાર કરેલ ત્રણેય નમુનાઓ ઉપર એગ્રીકલ્ચર ઓફિસર જેસરના બ્રાસશીલની મદદથી લાખ / મીણ નું શીલ ઉપજાવેલ આવી રીતે નમુના ઉપર જુદા જુદા ભાગે કુલ ૪ શીલ ઉજાવેલ હતા. સદરહું નમુનાની સ્લીપ ઉપર એગ્રીકલ્ચર ઓફિસર જેસરનો સ્ટેમ્પ અને સહી કરેલ અને પેઢીનો સ્ટેમ્પ અને જવાબદારની સહી મેળવેલ.ઉપરોકત ત્રણેય ટેસ્ટ સેમ્પલ એકસરખા લોટના તૈયાર કરેલ અને તમામ નમુના ક્રમાંક ૦૧/૨૨-૨૩ કોડ આપેલ. " ફરિયાદમાં જણાવેલ છે કે કેમ. તે વાત ખરી છે કે ઉપરોકત પ્રક્રિયા કર્યા અંગેનો દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. **સવાલ-** આરોપી પેઢીને નમુનાનો એક ભાગ સોંપ્યા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો છે ? **જવાબ-** તેવો દસ્તાવેજી પુરાવો નથી. પરંતુ કાયદામાં નમુના ૬ ની ઈરાદાની નોટીસ અને નમુના ૮ ની બિયારણની વિગતોની પ્રત નમુના સાથે આપવાની જોગવાઈ છે. તે વાત ખરી છે કે નમુના ૬ ની ઈરાદાની નોટીસ અને નમુના ૮ ની બિયારણની વિગતોની પ્રતમાં કોઈ પણ જગ્યાએ આરોપીને નમુનો આપ્યા અંગે નોંધ નથી. તે વાત ખરી છે કે આ જે નમુનો લીધો હતો તેની વેલીડિટીની તારીખ ૨૨/૦૨/૨૦૨૩ સુધીની હતી. તે વાત ખરી છે કે આ વેલીડિટીની તારીખ અમો નમુના લેવા ગયા ત્યારથી અમને

ખબર હતી. આંક-૩૬ વાળો રિપોર્ટ અમને તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ મને મળેલ છે. તે વાત ખરી છે કે ફરિયાદ દાખલ તારીખ ૧૧/૦૪/૨૦૨૩ છે અને નમુનો લીધાના છ મહિનાના અવધિમાં નામ.કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી. તે વાત ખરી છે કે આંક-૩૬ વાળો રિપોર્ટ ફાઈનલ નથી તેના ઉપર ફેર પૃથ્થકરણની જોગવાઈ બિયારણ અધિનિયમની કલમ-૧૬(૨) માં જણાવેલ છે.સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આ કામે રીએનાલીસીસ અર્થે નમુનાનો અહેવાલ કેન્દ્રીય લેબોરેટરી દ્વારા જાહેર કરેલ હોય તો સ્ટેટ લેબોરેટરી અહેવાલ રદબાતલ ગણાય તેવી કાયદામાં જોગવાઈ છે. તે વાત ખરી છે કે નામ.કોર્ટમાં ફરિયાદ દાખલ થયા બાદ આરોપી દ્વારા આંક-૦૮ થી નમુનાના ફેર પૃથ્થકરણ માટેની અરજી આપવામાં આવેલી જે અરજી નામ.કોર્ટે રદ્દ કરેલી. તે વાત ખરી છે કે બિયારણ અધિનિયમની કલમ–૧૬(૨) પ્રમાણે ફરિયાદી તથા આરોપી બન્નેને નમુનાના ફેર પૃથ્થકરણ કરવા માટે નામ.કોર્ટમાં ફરિયાદ દાખલ થયા બાદ અરજી કરી શકે છે. તે વાત ખરી છે કે આંક–૪૧ તથા આંક–૪૩ વાળા જવાબોમાં નમુના વાળા બિયારણના ફેર પૃથ્થકરણની માંગણી કરવામાં આવેલી છે. તે વાત ખરી છે કે આંક–૪૧ અને આંક–૪૩ વાળા જવાબો આપવામાં આવ્યા તે સમયે નમુનાની વેલીડીટી હતી. તે વાત ખરી છે કે આંક–૪૧ અને આંક–૪૩ વાળા જવાબો આપવામાં આવ્યા તે પછી અમોએ નમુના ફેર પૃથ્થકરણ માટેની કોઈ કાર્યવાહી કરેલ નહી. તે વાત ખરી છે કે આંક–૪૫ વાળો કાર્યાલય આદેશ મારા નામ અને હોદ્દા જોગ તારીખ ૨૭/૦૨/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલો છે. તે અરસામાં હું જેસર મુકામે ખેતીવાડી અધિકારી તરીકે ફરજ બજાવતો હતો. તે વાત ખરી છે કે આ ચાર્જ છોડયો તે સમય પહેલા મે નામ.કોર્ટમાં કોઈ ફરિયાદ દાખલ કરેલ નથી. આંક–૩૯ વાળી રાધેશ્યામ એગ્રો કેમીકલ્સને શો કોઝ નોટીસ કયારે અને કેવી રીતે મોકલી તેવો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી તે સવાલના જવાબમા લખાવુ છુ કે , અમોએ તેના જવાબદાર વ્યકિતની નોટીસનો ખુલાસો અમોને ન મળતા પુછતા તેઓએ જણાવેલ કે તેઓનુ પેઢીનુ સરનામુ મહુવા ખાતે ટ્રાન્સફર થયેલ છે ત્યારબાદ અમોએ બીજી નોટીસ પાઠવેલ છે જેની તારીખ મને હાલ યાદ નથી. તે વાત ખરી છે કે ઉપરોકત ખુલાસો તથા આરોપીને પાઠવેલ આંક–૩૯ ની નોટીસનો પણ કોઈ ઉલ્લેખ આરોપીને પાઠવેલ આંક–૪૦ ની નોટીસમાં મે કરેલ નથી. તે વાત ખરી છે કે આંક–૩૯ તથા આંક–૪૦ ની નોટીસમાં એક સરખા સરનામાં દર્શાવેલ છે. "

**આમ, આરોપી પક્ષે ઉપરોકત સાહેદની થયેલ ઉપરોકત વિસ્તૃત ઉલટતપાસથી સાહેદે અગાઉ સરતપાસમાં રજુ કરેલ પુરાવાની હકીકતોનું ચોકકસથી ખંડન થયેલ છે.**

(૧૨) સદરહું કામે **પંચ સાહેદ સાગરભાઈ નાથાભાઈ ભમ્મરને આંક–પ૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને પંચ તરીકે ખોડીયાર એગ્રો પાલીતાણા ચોકડી પાસે આવેલ દુકાને બોલાવેલો. કઈ તારીખે બોલાવેલો તેની ખબર નથી. આશરે દોઢેક વર્ષ જેટલો સમય થયેલો. તે દિવસે તેઓ ત્યાંથી પસાર થતો હતો તે વખતે ભરતભાઈ તથા ખેતીવાડીના સાહેબ ત્યાં હાજર હતા તેમણે તેઓને બોલાવેલો અને સહી કરવાનું કહેલું કે શા માટે સહી કરવાની છે તો સાહેબે કહેલું કે બિયારણના સેમ્પલ કબ્જે લેવાના છે તે માટે સહી કરવાની છે તો તેઓએ સહી કરી આપેલ. તેઓને આંક–૩૨ વાળું ફોર્મ નં.૮ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખે છે. જયારે બચાવપક્ષ તરફે કોઈ ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

(૧૩) સદરહું કામે **પંચ સાહેદ શંભુભાઈ મધુભાઈ ધુંધળવાને આંક–૬૦ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને પંચ તરીકે ખોડીયાર એગ્રો પાલીતાણા ચોકડી પાસે આવેલ દુકાને બોલાવેલો. તે દિવસે ત્યાંથી પસાર થતો હતો તે વખતે ભરતભાઈ તથા ખેતીવાડીના સાહેબ ત્યાં હાજર હતા તેમણે તેઓને બોલાવેલો અને સહી કરવાનું કહેલું તેઓએ સહી કરી આપેલી. તેમની હાજરીમાં કોઈ કાર્યવાહી કરેલ નથી. તેઓને આંક–૩૨ વાળું ફોર્મ નં.૮ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખે છે. સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી તેઓ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમની લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, આંક–૩૨ વાળા ફોર્મમાં તેમની સહી લીધેલી તે સિવાય બીજું કાંઈ ખબર નથી.

(૧૪) આ તબકકે નામદાર ઉચ્ચતમ ન્યાયાલયે પોતાના લેન્ડમાર્ક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખવા જરુરી જણાતા તેની ચર્ચા નીચે મુજબ કરેલ છે.

વધુમાં ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ–૬૭ અન્વયે માત્ર દસ્તાવેજ રજુ કરવો એ પર્યાપ્ત નથી તેને કાયદા પ્રમાણે પુરવાર કરવો ફરજીયાત છે. માત્ર કેસની કાર્યવાહીમાં કોઈ લખાણ નામદાર કોર્ટમાં રજુ કરી દેવાથી તેવું જરૂરી નથી

કે તે ન્યાયીક પુરાવા કેસમાં બની જાય અને જેણે તેવો દસ્તાવેજ રજુ કરેલ હોય તેની ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૬૭ અન્વયે તે પુરવાર કરવાની જવાબદારી બને છે. તેવું **<u>શિવકુમાર આત્મારામ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં જી.એલ.આર. ૧૯૭૦(૧૧) પાના નં. ૨૮૧ ઉપર નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે.</u>**

(૧૫) It is true that there is no immutable rule of appreciation of evidence that the testimony of independent witnesses should be ipso facto accepted but all the same the circumstance that witnesses are independent goes miles and miles to ensure their truthfulness. Criminal courts decide cases and the question of acceptance of evidence of witnesses on sound common sense and when they find witnesses to be wholly independent they endeavor to fathom the reason as to why their evidence should not be accepted. Ordinarily it is a safe and sound rule of appreciation of evidence to accept the testimony of an independent witness provided it is in consonance with probabilities. It is better if it is corroborated by inbuilt guarantees which ensure the truthfulness of the prosecution case, such as a prompt F.I.R., recoveries at the instance of the accused person and the presence of injured eye witnesses, etc.;

**Shravan Dashrath Datrange Vs. State of Maharashtra (1997) 2 Crimes 47.**

**ગુનાહિત માનસ (Mens rea);** ઈરાદાની સાથે સાથે ગુનાહિત માનસ એટલે શું તેની ચર્ચા અત્રે જરૂરી જણાય છે. ગુનાહિત માનસનો અભાવ તે માટે ઈંગ્લેન્ડના ફોજદારી કાયદાના સિંધ્ધાતો પૈકીનો એક સિંધ્ધાત એવો છે કે, કોઈ કૃત્ય કરવામાં વ્યકિતનું મન નિર્દોષ હોય તો ગુનાનું કૃત્ય બનતુ નથી. એવુ સુત્ર છે કે, ''ગુનો બનવા માટે ઈરાદો અને કૃત્ય બંને એકત્રીત થવા જોઈએ''. **The intent**

**and the act must both concur to constitute the crime)** અર્થાત, ગુનાહિત માનસ એટલે કે ગુનાહિત ઈરાદો રહેલો હોય તો જ એ કૃત્ય બને, આથી ગુનાહિત માનસ યા ને ઈરાદો કયાં તો અપ્રમાણિક, કપટયુકત વગેરે સ્વરૂપનો હોઈ શકે.

હાલના કેસમાં પણ ફરિયાદપક્ષના પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરતાં ફોજદારી ન્યાયની અદાલતની સાઉન્ડ કોમન સેન્સથી ગ્રાહય રાખી આરોપીઓને સજા કરી શકાય તેમ નથી અને આરોપીઓએ કોઈ ગુન્હો કરેલ હોવાનો કોઈ પુરાવો નથી તેથી હાલના કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરિયાદપક્ષના પુરાવામાં ફરિયાદમાં આક્ષેપિત ગુન્હામાં આરોપીઓની પ્રત્યક્ષ ગુનાહિત માનસ સહિતની સંડોવણી હોવા બાબતે અને આક્ષેપિત ગુન્હો બનવા બાબતે ફરિયાદપક્ષની હકિકતોને સમર્થન આપે તેવો કોઈ જ સીધો અને પુરતો પુરાવો રજુ રાખેલ નથી તેથી બનાવ બાબતે વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે.

જયારે નામદાર કોર્ટના રેકર્ડ ઉપર બંન્ને પક્ષે યાને કે તે ફરીયાદ પક્ષ તથા આરોપી પક્ષ તરફે એકસમાન, એકસરખો પુરાવો આવે યાને કે નામદાર કોર્ટને જયારે રેકર્ડ પરથી DOUBLE VIEW જણાય ત્યારે તેનો લાભ આરોપીની તરફેણમાં જ જાય તેવું નામદાર સર્વોચ્ચ તથા વડી અદાલતોના નીચે મુજબના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ છે.

**૧. ૨૦૧૪ (૧) ક્રાઈમ્સ પાન નં. ૩૧૩ (ગુજરાત)**
**સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નાજાભાઈ ભાનાભાઈ ઉર્ફે દેવ્યતભાઈદર અને બીજા**

**૨. ૨૦૦૫(૩) જી.એલ.આર. પાન નં. ૧૯૬૯**
**સ્ટેટ વિરૂધ્ધ ભીખાભાઈ દુલાભાઈ પરમાર**

ઉપરોકત બંન્ને ચુકાદાઓ પ્રમાણે શંકાનો લાભ હંમેશા આરોપીની જ તરફેણમાં હોવાનું નામદાર સર્વોચ્ચ અને વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ છે અને સદર ચુકાદા **DOUBLE VIEW** જણાય તેવા કેસો માટે છે પરંતુ હાલનો કેસ **DOUBLE VIEW** નો પણ જણાતો નથી અને ફરીયાદ પક્ષ તેઓનો કેસ શંકાથી પર સાબિત કરી

શકેલા ન હોય અને નિષ્ફળ નિવડેલા હોય આરોપીને પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડવા માટે **CRYSTAL CLEAR** કેસ જણાય છે.

(૧૬) આમ, સદરહુ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ઉપરોકત વિગતે કરવામાં આવેલ વિસ્તૃત મુલ્યાંકન તેમજ આક્ષેપિત ગુના લગત કાયદાકીય પ્રબંધો લક્ષમાં લેતાં, હાલના કામે આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપિત ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી શકાય તેવો સ્પષ્ટ અને સચોટ પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, સદરહુ કામે ફરીયાદીની **<u>આંક–ર૭</u>** ની સોગંદ ઉપરની જુબાની તેમજ **<u>આંક–૦૧</u>** થી રજુ ફરીયાદમાં સંપૂર્ણપણે સાતત્યતા જળવાતી ન હોય, ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ મુળ ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાની અન્વયે મહત્વની હકીકતોમાં વિસંગતતા ફલિત થતી હોય, તેમજ સદર કેસના નમુનાની વેલીડીટી તા.રર/૦ર/ર૦ર૩ ના રોજની હતી જયારે આ કામના ફરીયાદી ઘ્વારા નામદાર કોર્ટમાં સદર કેસની ફરીયાદ તા.૧૧/૦૪/ર૦ર૩ ના રોજ નમુનાની એક્ષ્પાયરી બાદ દાખલ કરવામા આવેલ છે અને આ કામના આરોપીઓને સદર કામે સમન્સની બજવણી થતાં કલમ–૧૬(ર) મુજબ આરોપી પક્ષે નમુનાનું રી–એનાલીસીસ માટે નામદાર કોર્ટમા અરજી આપવામાં આવેલ છે જેથી આ કામના ફરીયાદી તરફે નિયત સમય મર્યાદામાં ફરીયાદ દાખલ કરવામાં નિષ્કાળજી દાખવેલ છે. વઘુમાં સદર કેસમાં ફરીયાદી તથા અન્ય તમામ સાહેદોની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં આરોપીઓ તરફે કરવામાં આવેલ વિસ્તૃત ઉલટતપાસ ઘ્યાને લેતાં આ કામના આરોપીઓ સામે કોઈ જ હકીકતો પુરવાર થતી નથી તેવી આરોપીઓ તરફે કરવામાં આવેલ દલીલ સાથે સંમત થાઉ છું તેમજ આ કામે પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તેઓએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતો પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી. **વઘુમાં આ કામના ફરીયાદી કે જેઓ ખેતીવાડી અધિકારીના હોદ્દાની રૂએ આ કામના આરોપીઓ સામે આ એકટ અન્વયે નામદાર કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ છે આ સિવાય આ કામના આરોપીઓ સામે અન્ય કોઈ ત્રાહિત ઈસમની કે ખેડૂતોની કોઈ જ ફરીયાદ નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ નથી.** જેથી ઉપરોકત કેસમાં શંકા ઉદભવે છે અને કાયદાનો પ્રસ્થાપિત સિઘ્ધાંત છે કે

શંકાનો લાભ હંમેશા આરોપીને મળે. વધુમાં આ કામે આરોપીઓ તરફે રજુ કરવામાં આવેલ ઓથોરીટીઝ માનસહ વંચાણે લઈ તેમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો પ્રમાણે સદર ઓથોરીટીઝના કેસના સંજોગો તથા હકીકતો તેમજ પ્રસ્તુત કેસના સંજોગો તથા હકીકતો એકસમાન અને અનુરૂપ જણાતી હોય જેથી ફરીયાદપક્ષ આરોપીઓની સામે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય જેથી કાયદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે શંકાનો લાભ હંમેશા આરોપીને મળે.

(૧૭) આમ, સદર કેસમાં આરોપીઓની સામે **બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૬(ક), ૭(ખ) તેમજ બિયારણ નિયમો–૧૯૬૮ ના નિયમ–૧૦ ના ભંગ બદલ બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૧૯** ના આક્ષેપિત ગુન્હાના તત્વો નિ:શંકપણે પુરવાર થતા ન હોય, ત્યારે હાલના કામના આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત ગુના નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, આથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે તેમજ મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## – :: આખરી હુકમ ::–

(૧) આથી, ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે, સદરહુ કામના આરોપી નં.૧ શ્રી ખોડીયાર એગ્રો સેન્ટર (વિક્રતા પેઢી), નં.૨ ભરતભાઈ રામજીભાઈ રાઠોડ (વિક્રતા પેઢીના જવાબદાર વ્યકિત–પ્રોપરાઈટર), નં.૩ રાધેશ્યામ એગ્રો કેમીકલ્સ (મધ્યસ્થ વિક્રેતા પેઢી), નં.૪ નાનજીભાઈ કેશવભાઈ ભુત (મધ્યસ્થ વિક્રેતા પેઢીના જવાબદાર વ્યકિત–પ્રોપરાઈટર), નં.૫ નવભારત સીડસ પ્રા.લિ., (ઉત્પાદક પેઢી) તથા નં.૬ ચંદુલાલ વેલજીભાઈ અમીપરા, (માર્કેટીંગ મેનેજર) નાઓને **બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૬(ક), ૭(ખ) તેમજ બિયારણ નિયમો–૧૯૬૮ ના નિયમ–૧૦ ના ભંગ બદલ બિયારણ અધિનિયમ–૧૯૬૬ ની કલમ–૧૯** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) ની જોગવાઈ અનુસાર રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

DT. 14/03/2024
Place : Jesar.

**( Ravikumar Yuvrajbhai Dhivare )**
Judicial Magistrate First Class,
Jesar, Dist.Bhavanagar.
U.I.C. No. GJ01301

==================================================

*MITUL*